ધોરણ -૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ
કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને
શાળાના પરિણામોની સાથે જ જાતિ પ્રમાણપત્રો
પુરા પાડવા બાબત.

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**પરિપત્ર ક્રમાંકઃઅજપ-૧૦૯૯/યુ.ઓ.૨૬/હ,**
**સચિવાલય, ગાંધીનગર.**
તારીખ : ૨૯-૯-૨૦૦૦

<u>વંચાણમાં લીધોઃ</u> સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તાઃ૫/૪/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃઅજપ–૧૦૯૯/યુ.ઓ.૨૬/હ.

## પરિપત્ર

ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની સમગ્ર કાર્યવાહી ખુબ જ ચોકસાઇભરી, ઝડપી, અને સમય મર્યાદિત હોવાથી જાતિ પ્રમાણપત્રો સમય મર્યાદામાં મેળવીને રજૂ કરવામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને અને વાલીઓને ખુબ જ દોડધામ કરવી પડે છે અને કેટલીકવાર બીનજરૂરી હાલાકી, સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થાય છે. વિવિધ યોજનાઓના લાભોની સાથોસાથ ધોરણ -૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં અનુસૂચિત જાતિના ઉમેદવારોને નિયત ટકાવારીનો મહત્તમ લાભ મળી શકે તે હેતુથી અનુસૂચિત જાતિના ઉમેદવારોને જાતિ પ્રમાણપત્રો સમયસર અને સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના પરીક્ષાના પરિણામોની સાથે જ જાતિ પ્રમાણપત્રો જે તે સંબંધિત શાળા કક્ષાએથી જ આપવાનું વંચાણમાં લીધેલ આ વિભાગના તારીખઃ ૫-૪-૨૦૦૦ ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના પરિણામોની સાથે જ જાતિના પ્રમાણપત્રો શાળા કક્ષાએથી કઇ રીતે પુરા પાડવા તે અંગેની વિગતવાર કાર્યપધ્ધતિ ઉપર્યુક્ત ઠરાવમાં દર્શાવવામાં આવેલ છે.

૨. આમ છતાં હજુપણ કેટલીક સરકારી/બીનસરકારી શાળાઓ, સંસ્થાઓ ધ્વારા ગત વર્ષના પરિણામો વખતે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શાળા કક્ષાએથી જાતિ પ્રમાણપત્રો પુરા પાડવામાં આવેલ નહી હોવાનુ સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે. આમ થવાનું કારણ એમ માનવામાં આવે છે કે સંબંધિત શાળાઓએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની માહિતી સંબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારશ્રી/સંબંધિત જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીને સમયસર મોકલી આપી નથી. અથવા આવી માહિતી સમયસર મોકલી આપેલ હોય તો સંબંધિત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારશ્રી સંબંધિત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીએ સમયસર જાતિ પ્રમાણપત્રો તૈયાર કરીને જે તે સંબંધિત શાળાને પહોંચતા કર્યા નથી. અગરતા સંબંધિત શાળાને જાતિ પ્રમાણપત્રો સમયસર મળેલ નથી. આમ વંચાણમાં લીધેલ આ વિભાગના તાઃ ૫ ૪/૨૦૦૦ ના ઠરાવનો અમલ કરવામાં કેટલીક શાળાઓએ અગર તો કેટલાક જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓએ ઉદાસીનતા દાખવી હોય તેમ જણાય છે જે ઉચિત નથી.

૩. ઉપર્યુક્ત હકીકતે આમુખમાં જણાવેલ (વંચાણમાં લીધેલ) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાઃ ૫/૪/૨૦૦૦ ના ઠરાવ તરફ સંબંધિત સર્વેનું પુનઃધ્યાન દોરીને ભારપુર્વક વિનંતી કરવામાં આવે છે કે હવે પછીના ધોરણ -૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાના પરિણામોની સાથે જ રાજ્યની તમામ શાળાઓએ તેમની શાળાના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આવા જાતિ પ્રમાણપત્રો અચુક રીતે આપી દેવામાં આવે તે જોવું. હવે પછી જો આ સુચનાઓનો અમલ કરવામાં નહી આવે અગર તો ઉદાસીનતા દાખવવામાં આવશે તો કસુરવાર સામે ખાતાકીય રાહે પગલાં ભરવાની કાર્યવાહી કરવાનું વિચારવામાં આવશે.

Scanned by CamScanner

૪. શિક્ષણ વિભાગે પણ જરૂરી આનુષાંગિક સુચનાઓ સંબંધકર્તા ખાતાના વડાઓ/જિલ્લા શિક્ષણાધિકારી મારફતે રાજ્યની તમામ માધ્યમિક શાળાઓ / ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોના ધ્યાન ઉપર મુકવાની વિનંતી કરવામાં આવે છે. તે જ રીતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે સઘળા જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)ને તથા જિલ્લા કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ પણ તેમના હસ્તકના સક્ષમ સત્તાધિકારીઓને આવા જાતિ પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી સમયસર પુરી થાય તે જોવા માટે જરૂરી સુચનાઓ ફરીવાર આપવા ભારપુર્વક જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. એમ. પરમાર)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
વિરોધ પક્ષના માન. નેતાશ્રીના અંગત સચિવશ્રીઓ, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો. (તેમના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાઓ/કચેરીઓના વડા/બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટીઓ વગેરે અ
અંગેની જાણ કરવાની વિનંતી સહ.
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગ હેઠળની સંબંધિત કચેરીઓ/શાળાના આચાર્યશ્રીઓને આ ઠરાવનો અમલ ચુસ્તપ
કરવાની સુચના આપવાની વિનંતી સહ.)
χ રજીસ્ટ્રારશ્રી, નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
χ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, અમદાવાદ.
χ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
χ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
χ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ. (પંચાયત તથા રાજ્ય)
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતા/કચેરીના વડા/બોર્ડ વગેરે.
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.

સમાજ કલ્યાણ વિભાગની તમામ શાખાઓ
સિલેક્ટ ફાઈલ.

---

χ પત્ર દ્વારા

Scanned by CamScanner